જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૮/૨૦૧૮ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૩૯/૧૮

## ભારતીય સેનામાંથી પરત આવેલ જવાન ના ખુન ના ગુન્હામા આજીવન સજા પામેલ અને ચાર વર્ષ થી પેરોલ ફર્લો જમ્પ થયેલ આરોપીને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,

ગુજરાત રાજય ના ડી.જી.પી શ્રી દ્વારા ગુજરાત રાજ્ય ના પેરોલ ફર્લો જમ્પ થયેલ આરોપીઓને શોધી કાઢવા સારુ ડ્રાઇવ રાખવામા આવેલ જે આધારે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી નાઓના સુચન અને માર્ગદર્શન આધારે ક્રાઇમ બ્રાન્ચનાં નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એસ.એલ.ચૌધરી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ ફર્લો જમ્પ આરોપીઓને શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી.રોજીયા તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એસ.જે.જાડેજા તથા શ્રી એસ.બી.દેસાઇ તથા શ્રી આઇ.એસ.રબારી તથા સ્ટાફ્નાં માણસો ને મળેલ બાતમી હકિકત આધારે વિકાસ નરેન્દ્રભાઇ જાતે પટેલ ઉવ.૩૪ રહે. મ.નં. ઇ-૮૪ , હરીધામ સોસાયટી, બાપાસીતારામ ચોક, પાશ્વનાથ ટાઉનશીપ, કૃષ્ણનગર પાછળ, નવા નરોડા, અમદાવાદ શહેર નાને તા.૨૪/૦૮/૨૦૧૮ ના રોજ ઝડપી પાડેલ છે.

પકડાયેલ આરોપીની પુછપરછ કરતા જણાવેલ કે પોતે અગાઉ સને ૨૦૦૮ માં પોતાના બીજા ત્રણ મિત્રો સાથે મળી અગાઉ ના ઝઘડાની અદાવત રાખી કૃષ્ણનગર બાપાસીતારામ ચોક પાસે હરિધામ સોસાયટી માં ભારતીય સેનામાંથી પરત આવેલ જવાન અમિત તિવારી નાઓને તલવાર ના ૧૪ જેટલા ઘા મારી ખુન કરેલ જે બાબતે નરોડા પોલીસ સ્ટેશનમાં ખુન નો ગુનો નોંધાયેલ જે કેસમાં નામદાર સેશન્સ કોર્ટ દ્વારા ઉપરોકત આરોપી સહીત ચારેય આરોપીઓને આજીવન કેદ તથા રૂપિયા પચીસ હજાર નો દંડ અને મરણ જનાર જવાન અમિત તિવારીનાઓની વિધવા પત્નિ તથા પુત્રને રૂપિયા ૮ લાખનુ વળતર ચુકવવાનો હુકમ કરવામા આવેલ જે આધારે સાબરમતી સેન્ટ્રલ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા ભોગવતો હતો દરમ્યાન મોબાઇલ ફોન રાખવાનો કેસ થયેલ તેમજ જેલના સિપાઇ સાથે પણ ઝઘડો કરેલ જેથી તેને રાજકોટ મધ્યસ્થ જેલમા ટ્રાન્સફર કરવામા આવેલ અને સને ૨૦૧૫ મા ૧૪ દિવસની ફર્લો રજા ઉપર છુટેલ અને રજા પુરી કરી પરત જેલમા હાજર થયેલ નહીં અને આજદિન સુધી ફર્લો જમ્પ થયેલ હોવાનુ જણાવેલ સદરી આરોપીને ડીટેઇન કરવામાં આવેલ છે. અને સદરી આરોપીને રાજકોટ મધ્યસ્થ જેલમાં સોપવાની તજવીજ કરવામાં આવેલ છે.

**B.R.T.S. તથા A.M.T.S. બસમાં પેસેન્જરોની ભીડનો લાભ લઈ ધક્કામુક્કી કરી નજર ચુકવી પૈસા, દાગીનાની ચોરી કરતી ગેંગની મુખ્ય સુત્રધાર મહિલા તથા તેના સાગરિતને પકડી પાડી સોનાના દાગીના તથા રોક્ડ રકમ મળી કુલ કિં.રૂ.૧,૪૩,૧૮૫/- ની મત્તાનો મુદ્દામાલ રિકવર કરી કુલ-૯ થી વધુ ગુનાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ.**

અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી BRTS બસમાં પેસેન્જરોની ભીડનો લાભ લઈ ધક્કામુક્કી કરી પૈસા, દાગીના વિગેરે કિમતી સામાનની ચોરી થવાના બનાવો બનવા પામેલ હોય આવા પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ ઇન્ચાર્જ ખાસ પોલીસ કમિશ્નર અને નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન ક્રાઇમબ્રાંચ તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એસ.એલ.ચૌધરી નાઓના માર્ગદર્શન/સુચના હેઠળ ઓટોરીક્ષા પેસેન્જર ચોરી/લુંટ અને ગ્લાસ બ્રેકીંગ થેફ્ટ સ્કોડના પો.ઇન્સ.શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.એમ.ગોહીલ, પો.સ.ઇ શ્રી વાય.જી.ગુર્જર, પો.સ.ઈ. શ્રી આર.પી.ભરવાડ નાઓ સ્કોડના માણસો સાથે તા.૨૩/૦૮/૨૦૧૮ ના રોજ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સ્ટાફના હેડ કોન્સ.નારસિંહ મલુસિંહ તથા પો.કો. રમેશકુમાર હિરદેરામ નાઓને ખાનગી રાહે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે આરોપી (૧) ઈસુબેન વા/ઓ રાજુભાઈ લક્ષ્મણભાઈ દંતાણી ઉ.વ.૪૯ રહે.બારેજડી, રેલ્વે સ્ટેશનની પાછળ, તા.દસક્રોઈ, જિ.અમદાવાદ મુ.ગામ જાલપર, તા.ચાણસ્મા, જિ.પાટણ તથા (૨) ગોવિંદ સ/ઓ ચતુરભાઈ સોમાભાઈ દંતાણી ઉ.વ.૨૮ રહે.ઠાકોરવાસ, જોગણી માના મંદિર પાછળ, અમરાઈવાડી, અમદાવાદ શહેર મુ.ગામ ટુવડ, તા.હારીજ, જિ. પાટણ નાઓને પકડી પાડી તેઓ પાસેથી ચોરીના મુદ્દામાલના રોકડા રૂપિયા ૬૦,૦૦૦/- તથા સોનાના દાગીના જેમાં બે ચેઇન, ઓમવાળુ એક પેન્ડલ, ગણપતીજીનું એક પેન્ડલ, કાનની એક જોડ બુટ્ટી, લેડીઝ વીંટી કિં.રૂ.૮૩૧૮૫/- ની મતાના મળી કુલ કિં.રૂ.૧,૪૩,૧૮૫/- ની મત્તાનો મુદ્દામાલ રિકવર કરેલ છે.

**આરોપીનો ગુનાહિત પુર્વ ઇતિહાસ**

પકડાયેલ આરોપણ ઈસુબેન રાજુભાઈ દંતાણી આજથી આશરે પાંચ છ વર્ષ અગાઉ મણિનગર પોલીસ સ્ટેશનમાં તથા આશરે ચારેક વર્ષ અગાઉ કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામાં પકડાયેલ છે.

**આરોપીઓની પુછપરછ દરમ્યાન નીચે મુજબના ગુનાઓ શોધાયેલ છે**

(૧) પકડાયેલ આરોપીઓની પુછપરછ દરમ્યાન તેઓએ પોતાના સાગરિતો સાથે મળી આશરે સવા એક મહીના પહેલાં સતાધાર ચાર રસ્તા BRTS બસ સ્ટેન્ડથી મુસાફરી દરમ્યાન રસ્તામાં બસની ભીડમા એક ભાઇના ખીસ્સામાંથી રોકડા રૂપિયા ૬૦,૦૦૦/- ની ચોરી કરેલાની કબુલાત કરેલ છે. જે અંગે માધુપુરા પોલીસ સ્ટેશન ફ.ગુરનં.૯૬/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૨) આજથી આશરે બે વર્ષ પહેલા ઇસ્કોન BRTS બસ સ્ટેન્ડથી અંજલી ચાર રસ્તા આવતાં એક બેન પાસેની લેપટોપની બેગમાંથી રોકડા રૂ.૧૫૦૦/- તથા ચુંટણી કાર્ડ,પાનકાર્ડ,આધારકાર્ડ, બેંકના કાર્ડ વિગેરેની ચોરી કરેલ છે. જે બાબતે પાલડી પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૪૯/૨૦૧૬ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

(૩) આજથી આશરે બે વર્ષની આસપાસ કાલુપુર ૧૨૮ નંબરની એ.એમ.ટી.એસ ના બસ સ્ટેન્ડની બાજુમાં આવેલ BRTS બસ સ્ટેન્ડથી BRTS બસમાં ભીડમાં એક બેનનુ સોનાની બે જોડી કાનની બુટી, ગણપતીના પેંડલવાળી સોનાની ચેઇન, સોનાનુ મંગળસુત્ર, લેડીઝ વિંટી, રોકડા રૂ.૩૦,૦૦૦/, આધારકાર્ડ, પાનકાર્ડ વિગેરે સાથેનું પર્સ કાઢીલ લીધેલ. જે બાબતે કાલુપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૮૫/૨૦૧૬ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૪) આશરે પોણા બે એક વર્ષની આસપાસ સ્ટાર બજાર BRTS બસ સ્ટેન્ડથી શીવરંજની ચાર રસ્તા દરમ્યાન એક છોકરાના પેન્ટના ખીસ્સામાંથી રોકડા રૂ.૮૦૦/- તથા બીજા કાગળો સાથેનું પર્સ કાઢી લીધેલ. જે બાબતે સેટેલાઈટ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૩૬/૨૦૧૬ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૫) દોઢેક વર્ષ અગાઉ નારણપુરાથી રાણીપ ક્રોસ રોડ BRTS બસની ભીડમાં એક બેનનું પર્સ કાઢી લીધેલ જેમાં સોનાનું ઓમવાળુ ગોળાકાર પેંડલ સાથેની સોનાની ચેઇન, રોકડા રૂપિયા ૧૪૫૦/- તથા બેંકનુ એટીએમ કાર્ડ અને ડ્રાઇવીંગ લાયસન્સ હતા. જે બાબતે વાડજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૫/૨૦૧૭ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૬) આશરે આઠેક મહીના અગાઉ વાડજ સર્કલ એ.એમ.ટી.એસ બસ સ્ટેન્ડથી રાણીપ એમ.ટી.એસ બસ સ્ટેન્ડ વચ્ચે બસની ભીડમાં એક ભાઇના પર્સની ચેન ખોલી તેમાંથી રોકડા રૂપિયા ૧૬૦૦૦/- તથા રશીદોની ચોરી કરેલ. જે બાબતે વાડજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૬૩/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૭) એકાદ વર્ષ અગાઉ શિવરંજની BRTS બસ સ્ટેન્ડ ઉપર ભીડમાં એક ભાઇના ખીસ્સામાથી રોકડા રૂપિયા એક લાખ કાઢી લીધેલા. જે અંગે સેટેલાઈટ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૭૧/૨૦૧૭ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૮) ત્રણેક મહીના અગાઉ અંજલી ચાર રસ્તાથી સ્ટારબજાર બસ સ્ટેન્ડ વચ્ચે બસની ભીડમાં એક છોકરાના પર્સમાંથી રોકડા રૂ.૯૫૦૦/-, પાનકાર્ડ, બેંકના કાર્ડ વિગેરે ચોરી કરેલ. જે અંગે સેટેલાઈટ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૭૭/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૯) આશરે પચ્ચીસેક દીવસ અગાઉ નહેરૂનગરથી રાયપુર BRTS બસ સ્ટેન્ડ સુધીમાં એક બેનના પર્સની ચેન ખોલી તેમાંથી રોકડા રૂ.૧૫૦૦૦/- અને બેંકનુ એટીએમ કાર્ડ કાઢી લીધેલ. જે અંગે કાગડાપીઠ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૩૦/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

આ સિવાય આરોપણ ઈસુબેન રાજુભાઈ દંતાણીએ પોતાની દીકરીઓ તેમજ તેઓના સાગરિત સાથે છેલ્લા ત્રણેક વર્ષથી અમદાવાદ શહેરમાં બીઆરટીએસ, એ.એમ.ટી.એસ. બસોમાં બેસી બસની ભીડમાં પેસેન્જરોની નજર ચુકવી આશરે ૪૦ કરતાં પણ વધુ પેસેન્જરોના ખીસ્સામાંથી, પર્સમાંથી સોનાચાંદીના દાગીનાઓ, રોકડ રકમ, ડોકયુમેન્ટ વિગેરે કાઢી લીધેલ હોવાની કબુલાત કરેલ છે.

હાલ અમદાવાદ શહેર વિસ્તારમાં આ ગેંગનો ભોગ બનેલ વ્યક્તિઓને ક્રાઈમબ્રાન્ચ ખાતે બોલાવી આરોપીઓની ઓળખની કાર્યવાહી ચાલુ છે.

પકડાયેલ આરોપણ અને તેના સાગરીતોએ આ સિવાય બીજા ગુનાઓ આચરેલ છે કે કેમ ? તેમજ તેઓની સાથે બીજા અન્ય આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ ? તે બાબતે સઘન પુછપરછ તપાસ ચાલુ હોય બીજા પણ આવા પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.

**ઓઢવ પોલીસ સ્ટેશન :**

અમદાવાદ શહેર મા વાહનની ચોરી કરતો આરોપીની પકડી પાડી ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી ઓઢવ પોલીસ

આજરોજ પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંગ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમકરસિંહ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડી.એસ.ચૌહાણ સાહેબ તેમજ પોલીસ ઈન્સ્પેકટર શ્રી.આર.જી.જાડેજા સાહેબ નાઓના તરફ થી મિલકત સંબંધી ગુના શોધી કાઢવા અંગે મળેલ સુચના મુજબ.

આજ રોજ તા.૨૪/૮/૧૮ ના રોજ પો.સ.ઈ શ્રી.એસ.જે.ચૌહાણ તથા .હેડ.કોન્સ દીલીપસિંહ કિશોરસિંહ બ.ન. ૭૫૮૯ તથા અ.પો.કો ચંદ્રસિંહ લાખુભા બ.ન.૫૮૮૯ તથા અ.પો.કો રાજેશભાઇ રમેશભાઇ બ.ન.૬૭૧૮ તથા અ.લો. જયદેવસિંહ નાગજીભાઇ બ.ન.૩૨૪૧ એ રીતેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.પો.કો ચંદ્રસિંહ લાખુભા બ.ન.૫૮૮૯ તથા અ.લો. જયદેવસિંહ નાગજીભાઇ બ.ન.૩૨૪૧ નાઓને સયુક્ત રીતે બાતમી આધારે એક ઈસમ નામે જાકીર સુલતાનશા ફકીર ઉ.વ. ૧૯ રહેવાસી- ઉગમણો વાસ ગામ- પશુંજ તા.દસ્કોઇ જિલ્લો- અમદાવાદ નાઓના કબ્જા સફેદ કલર નુ એક્ટીવા નંબર વગરનુ ચેચીસ નં- ME4JC448CC8864764 તથા એંજીનનં- JC44E1975563 છે જેની કી.રૂ.૧૫,000/- ગણાય તે નીકોલ પોસ્ટે ૧૫૨/૨૦૧૮ ઈપીકો કલમ-૩૭૯ મુજબના ગુનામાં ગયેલ એક્ટીવા સી.આર.પી.કલમ-૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે લઈ તા.૨૪/૮/૧૮ ના કલાક-૧૩/00 વાગે પકડી અટક કરી સી.આર.પી. કલમ-૪૧(૧)(ડી) મુજબ ની કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે

**ઇસનપુર પોલીસ સ્ટેશન :**

ભચાઉ પોલીસ સ્ટેશનના ચીટીંગના ગુનામા નાસતા-ફરતા આરોપીને
પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓની મિલકત સંબંધી ગુનાઓ શોધી કાઢવા તથા નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા સારૂ અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે આધારે સીનીયર પો.ઇન્સ.શ્રી એન.એમ.પટેલ ઇસનપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.એચ.રાઠોડ તથા સર્વેલન્સ સ્કોડના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં ફરતા હતા.દરમ્યાનમાં બાતમી આધારે કચ્છ જીલ્લાના ભચાઉ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૨૪/૨૦૧૫ ઇ.પી.કો કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ મુજબના ગુનાના નાસતા-ફરતા આરોપી સુનીલ ઉર્ફે સન્ની ઉર્ફે રાકેશ દિલીપરાજ જોષી ઉ.વ ૩૫ રહે. જી/૨ હરિદર્શન એપાર્ટમેન્ટ વિશ્વકુંજ સોસાયટી પાસે જુના ઢોર બજાર મીરા ચાર રસ્તા પાસે કાંકરીયા રોડ મણીનગર અમદાવાદ શહેરનાને શાહઆલમ મીરા સિનેમાની આગળથી આજરોજ તા ૨૪/૦૮/૨૦૧૮ ના કલાક ૨૧/૦૦ વાગે પકડી અટક કરી ભચાઉ પોલીસ સ્ટેશનને સોપવા માટેની તજવીજ કરેલ છે તા ૨૪/૦૮/૨૦૧૮

**ખાડીયા પોલીસ સ્ટેશન :**

મહે.પોલીસ કમિશ્નર શ્રી, અ'વાદ શહેર તથા મહે.ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ તથા મહે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૩, અ'વાદ શહેર તથા મહે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, "ઇ" ડિવીઝન અ'વાદ શહેરનાઓની સુચના મુજબ અમોએ ગુજરાત અસામાજીક પ્રવુત્તિ પ્રતિબંધક ધારા સને ૧૯૮૫ ની કલમ ૩(૧) હેઠળ પાસા અટકાયતી નામે (૧) અનિલ સ/ઓ ઇન્દ્રદેવ અનંતલાલ મહંતો ઉ.વ.-૨૨ હાલ રહે.-શુકલભાઇના મકાનમાં, જાનીયાપીરનો ટેકરો, વટવા, અમદાવાદ શહેર. મુળ વતન : નયા ટોલા કલ્યાણી, મહારજપૂર, જિ.-સાહેબગંજ (ઝારખંડ) તથા (૨) સન્દીપ સ/ઓ નંદકિશોર નોસરીયા ઉ.વ.-૨૨ હાલ રહે.-સદર તથા (૩) શનિકુમાર સ/ઓ મહિન્દરકુમાર કિશોરકુમાર નોનીયા (મહંતો) ઉ.વ.-૧૯ રહે.-સદર નાની વિરૂધ્ધમાં અત્રેના પો.સ્ટે. ખાતે તેમજ અન્ય પો.સ્ટે.માં દાખલ થયેલ મિલકત સબંધી ગુના સબબ દરખાસ્ત ભરી મહે.પોલીસ કમિ.શ્રી, અ'વાદ શહેર નાઓની કચેરીના પત્ર (૧) ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૭૬૨/૨૦૧૮ તથા (૨) ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૭૬૩/૨૦૧૮ તથા (૩) ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૭૬૪/૨૦૧૮ તા.-૨૩/૦૮/૨૦૧૮ અન્વયે અટકાયત કરવા હુકમ કરેલ હોય. જે હુકમ આધારે હે.કો. લક્ષ્મણભાઇ લુંજાભાઇ બ.નં.-૭૭૬૯ નાઓએ તા.-૨૪/૦૮/૨૦૧૮ ના કલાક- ૧૨/૨૫ વાગ્યે પાસા હુકમની બજવણી કરી. હે.કો. ગેમરભાઇ આલાભાઇ બ.નં.-૮૦૨૨ નાઓને પાસા અટકાયતી અનિલ સ/ઓ ઇન્દ્રદેવ અનંતલાલ મહંતો નાનો કબ્જો સોંપી ભુજ જેલ તથા હે.કો. હમીરભાઇ જીવાભાઇ બ.નં.-૬૨૯૧ નાઓને પાસા અટકાયતી સન્દીપ સ/ઓ નંદકિશોર નોસરીયા નાનો કબ્જો સોંપી રાજકોટ જેલ તથા હે.કો. અશોકભાઇ ગણપતભાઇ બ.નં.-૩૯૯૩ નાઓને પાસા અટકાયતી શનિકુમાર સ/ઓ મહિન્દરકુમાર કિશોરકુમાર નોનીયા (મહંતો) નાનો કબ્જો સોંપી સુરત જેલ ખાતે મુકવા રવાના કરેલ છે. તા.-૨૪/૦૮/૨૦૧૮.

**ઓઢવ પોલીસ સ્ટેશન :**

## એટીએમ મશીન તોડવાની કોશીષ કરવાનો પ્રયાસ કરતા તેમજ ઘરફોડ ચોરીના ઈસમને પકડી પાડી મીલકત સંબધી ગુનોઓ શોધી કાઢતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી એ.કે.સિંઘ સાહેબનાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ શ્રી હિમકરસિંગ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ"ડીવીઝન શ્રી.ડી.એચ.ચૌધરી સા.નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર આર.જી.જાડેજા નાઓએ ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલકત સબંધી ગુના શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે પો.સ.ઈ.એ.ડી.ભટ્ટ તથા પો.સ.ઈ એસ.જે.ચૌધરી તથા હે.કો દિલીપસિંહ કિશોરસિંહ બનં-૭૫૮૯ તથા હે.કો મનોજભાઈ રણછોડભાઈ બનં-૮૧૮૨ તથા પો.કો પંકજભાઈ નારાયણભાઈ બનં-૧૦૧૬૦ તથા પો.કો સંજયસિંહ ગણપતસિંહ બનં-૩૬૪૭ તથા પો.કો અજીતભાઈ સોમાભાઈ બનં-૪૨૯૪ તથા પો.કો મુકેશભાઈ મગાભાઈ બનં-૯૨૨૭ તથા લો.ર રાજુભાઈ રામાભાઈ બનં-૧૦૫૮ તથા લો.ર જયેશભાઈ પાલાભાઈ બનં-૧૩૮૦ નાઓ સાથે ઓઢવ પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ હતા દરમ્યાન સાથેના પો.કો પંકજભાઈ નારાયણભાઈ બનં-૧૦૧૬૦ તથા પો.કો સંજયસિંહ ગણપતસિંહ બનં-૩૬૪૭ નાઓને મળેલ બાતમી હકિકત આધારે ફૈઝલખાન ઉર્ફે મોનુ સ/ઓ નુરેખાન જીલેદારખાન જાતે પઠાણ ઉ.વ.૨૨ રહે.સુંદરમનગર મેદાનની સામે લાલમહંમદની ચાલી બાપુનગર અમદાવાદ શહેરનાને તા.૨૪/૦૮/૧૮ ના કલાક ૧૬/30 વાગે પકડી અટક કરી પુછપરછ દરમ્યાન આરોપીએ બાપુનગર પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.ન ૧૬૯/૧૮ ઘી ઈપીકો કલમ ૪૫૭,૩૮૦ મુજબનો ગુનો કરવા ઉપરાંત આરોપીએ તેના સાગરીત સાકીર મંસુરી ની સાથે મળી તા.૨૨/૦૮/૧૮ ના રોજ રાત્રીના બે વાગ્યાના સુમારે રાજેન્દ્રપાર્ક પાસે આવેલ એચ.ડી.એફ.સી સેન્ટરમાં પ્રવેશ કરી ડીસમીસ વડે એટીએમ મશીન તોડવાનો પ્રયાસ કરેલ હોવાનો એકરાર કરતા ઉપરોક્ત ટીમના માણસો સાથે પેટ્રોલીંગ દરમ્યાન સાથેના પો.કો અજીતભાઈ સોમાભાઈ બનં-૪૨૯૪ તથા લો.ર રાજુભાઈ રામાભાઈ બનં-૧૦૫૮ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે આ ગુનામાં સંડોવાયેલ આરોપી સાકીરઅલી સ/ઓ સાબિરઅલી મંસુરી ઉ.વ.૨૨ રહે.ગધેડાવાળી ચાલી રહેમતનગર અજુ લાકડીવાળાના મકાનમાં રાજા ઓટોની ગલીમાં સોનીની ચાલી પાસે બાપુનગર અમદાવાદ શહેર નાને સોનીની ચાલી પાસે આવેલ રાજ પેલેસ ગેસ્ટ હાઉસની નીચે આવેલ ફ્રુટની લારી પાસેથી મળી આવતા સદરી આરોપીને તા.૨૪/૦૮/૧૮ ના કલાક ૧૯/૧૫ વાગે પકડી અટક કરી સદરી આરોપીની પુછપરછ દરમ્યાન ફૈઝલખાન ઉર્ફે મોનુ નાઓની સાથે મળી આ ગુનો કરેલ હોવાનો એકરાર કરેલ હોય સદરી બાબતે રામોલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં ૧૪૫/૧૮ ઘી ઈપીકો કલમ ૩૭૯,૫૧૧ મુજબનો ગુનો શોધી કાઢી તેમજ આરોપી ફૈઝલખાન નુરેખાન પઠાણ નાએ કરેલ કબુલાત આધારે બાપુનગર પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.ન ૧૬૯/૧૮ ઘી ઈપીકો કલમ ૪૫૭,૩૮૦ મુજબનો ગુનો શોધી કુલ્લે રૂપિયા ૨૦,૫૦૦/- નો મુદામાલ રીકવર કરી સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે

**શાહીબાગ પોલીસ સ્ટેશન :**

આજરોજ પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેરનાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક: પીસીબી/ ડીટીએન/ પાસા/ ૭૫૦/ ૨૦૧૮ તા. ૨૦/૦૮/૨૦૧૮ ના હુકમ આધારે પાસા અટકાયતી મંજુબેન D/O છગનભાઇ ભીલ ઉ.વ.૪૦ રહે.વાસુદેવપુરા ભીલવાસ, નવી ભોગીલાલની ચાલીની સામે, સિવીલ રોડની બાજુમાં, અસારવા, શાહીબાગ, અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધના પાસા વોરંટ હુકમની બજવણી આજરોજ તા.૨૪/૦૮/૨૦૧૮ કલાક:૧૫/૧૫ વાગે કરી જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.